GJVD040015972026

સત્યમેવ જયતે

દાખલ કર્યા તારીખ : ૦૮.૦૬.૨૦૨૬
રજી.કર્યા તારીખ : ૦૮.૦૬.૨૦૨૬
ફેંસલ કર્યા તારીખ : ૧૦.૦૬.૨૦૨૬
સમયગાળો : **વર્ષ માસ દિવસ**
**૦૦ ૦૦ ૦૨**

---

**મે. પાદરાના સેકન્ડ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ, મુ.પાદરા, જિ.વડોદરા.**

---

**ફો.પ.અ.નં.૧૮૧/૨૦૨૬**

**અરજદાર/ આરોપી:** જગદીશ ઉર્ફે જીણીયો બંસીલાલ ખત્રી
રહે.મુ.પો. પાદરા, હે. રેલ્વે સ્ટેશન વિસ્તાર, તા. પાદરા
જી.વડોદરા.

**વિરૂધ્ધ**

**ફરિયાદી:** **શ્રી સરકાર**

**ગુનો: પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(ઈ),૯૮(૨),૮૧ તથા ૮૩ ના કામે આરોપી પરેશ પ્રભાત સોલંકીનાઓની BNSS ની કલમ ૪૮૦ મુજબ જામીન અરજી લગત હુકમ**

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એમ.પ્રજાપતિ
ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એચ.શ્રીમાળી

**જામીન અરજી લગત હુકમ**

........................................................................................

(૧) આરોપીની જામીન અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપીના વિ.વ.શ્રી તેમજ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યાં.

(૨) આ કામે વિ.વ.શ્રી દવારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીને મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ નથી. આરોપીના કબજા

ભોગવટામાંથી કોઇ મુદ્દામાલ મેળવેલ નથી. કહેવાતો ગુનો આરોપીની હાજરીમાં બનેલ નથી. માત્ર સહ આરોપીના કહેવાથી હાલના આરોપીનુ નામ ખુલવા પામેલ છે. માત્ર શંકાના આધારે આરોપીની ધરપકડ કરેલ છે. આરોપીની પ્રત્યક્ષ હાજરીની કયાચ જરૂર નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર છે. આરોપી કયાચ નાસી-ભાગી જાય તેવો નથી. તેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૩) વિદવાન એ.પી.પી.શ્રી બી.એચ.શ્રીમાળી દવારા સદર જામીન અરજી લગત સીન એન્ડ સ્ટ્રીકલી ઓબ્જેકશનનો શેરો કરેલ છે. જે ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે આરોપીની જામીન અરજી તથા બન્ને પક્ષોની રજૂઆતોને ધ્યાને લેતા હાલની અરજીની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપીની સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(ઇ), ૯૮(૨), ૮૧ તથા ૮૩ મુજબના ગુનાના આક્ષેપો કરવામાં આવેલા છે. આ કામે ફરીયાદ હકીકત તથા તપાસના કાગળો ધ્યાને લેતા હાલના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. પરંતુ તેની સામે હકીકત ખુલાવ પામેલ છે કે, કહેવાતો મુદ્દામાલ મગાવવામાં આ કામના આરોપીનો સક્રિય રોલ છે. આ કામના આરોપીની સામે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ પ્રોહીબીશન એકટ પ્રમાણેના ગુનાઓ નોંધાયેલ હોવાનું જણાઇ આવે છે.

(૪) આ કામે આરોપી સામેના આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. હાલના પ્રવર્તમાન સમયમાં આવા સમાજ વિરોધી ગુનાઓ ખૂબજ વધવા પામેલ છે. આરોપી આવા પ્રકારના ગુના કરવાની ટેવવાળા હોવાનુ તપાસના કાગળો ધ્યાને લેતા જણાઇ આવે છે. જો આરોપીને સરળતાથી જામીન મુકત કરવામાં આવે તો તેને કાયદાનો કોઇ ડર રહેશે નહિ. અને ફરીથી આવા ગુના કરવા પ્રેરાશે તેવુ ચોકકસ માની શકાય તેમ છે. હાલમાં ગુનાની

તપાસ નાજુક તબકકામાં છે. તેથી સમગ્ર હકીકત ધ્યાને લેતા જો આરોપીને જામીનમુકત કરવામાં આવશે તો સમાજમાં તેની ખૂબ જ વિપરીત અસર પડે તેમ છે. જેથી આરોપીને જામીનમુકત કરવાનુ ન્યાયોચિત્ત ના હોવાનુ આ કોર્ટ માને છે. જે સબબ ન્યાયના હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

- હાલના આરોપીની આ જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.
- હુકમ આજરોજ તા.૧૦–મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મુકામ: પાદરા.
તારીખ: ૧૦–૦૬–૨૦૨૬

**(રોહિતકુમાર વિજલાલભાઈ લિમ્બાચિયા)**
બીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાદરા. UIC No.GJ01153